**પ્રતીવાદી નં. ૩ થી ૬ દવારા રજુ થયેલ સી.પી.સી. ઓર્ડર–૮, રુલ–૬(એ) મુજબના વળતા દાવાના કામે વાદી વિરુધ્ધ કામચલાઉ મનાઈહુકમ મળવા અંગેની આંક–૨૨ ની અરજી લગત હુકમ**

(૧) પ્રતીવાદી નં. ૩ થી ૬ દવારા વાદીઓ વિરુધ્ધ સામો દાવો કરી સી.પી.સી. ઓર્ડર –૩૯, રુલ–૧,૨ મુજબ તથા કલમ ૧૫૧ મુજબ વાદીઓ વિરુધ્ધ કામચલાઉ મનાઈ હુકમ મેળવવા હાલની આંક–૨૨ વાળી અરજી દાખલ કરેલ છે. પ્રતીવાદી નં. ૩ થી ૬ ની હાલની અરજી તથા તે લગત તેઓના વિ.વ.શ્રીએ કરેલ રજુઆત તથા આંક–૩૩ ની લેખીત દલીલની ટુક હકીકત ધ્યાને લઈએ તો વાદી નં. ૧ વાદગ્રસ્ત જગ્યામા પેશ કદમી કરવા માગતા હોય ઉકરડો બનાવી પેશકદમી કરેલ છે અને જે તે વખતે પી.એચ.સી. સબ સ્ટેશન વાદીએ બનવા દીધેલ નથી જેથી વાદગ્રસ્ત જગ્યા કેન્સલ કરવામા આવે અને રબારી સમાજનુ મંદીર લાગુમા આવેલ હોય ૨૦૧૬ મા ગ્રામ પંચાયતની બેઠક–૭ મુદા નં. ૯ મા વાદગ્રસ્ત જગ્યા ધાર્મીક કાર્ય કરવા માટે અને સદરહુ જગ્યાની સરકારી યોજના હેઠળ ફાળવણી નહી કરવાનુ અને કાયમી અનામત રાખવાનુ સર્વાનુમતે ઠરાવેલ છે આ હકીકત વાદી જાણતા હોવા છતા ખોટો દાવો કરેલ છે. વાદીઓ દવરા પ્રતીવાદી નં. ૧ , ૨ ને કાયદેસર નોટીસ આપેલ નથી માટે તેઓને કોઈ દાદ મળી શકે નહી. પ્રતીવાદી નં. ૫,૬ ના મકાન તેમજ મંદીરમા પ્રંસગો માટેની જગ્યા વાદગ્રસ્ત જમીનની બાજુમા આવેલ છે અને ત્યા વાદી નં. ૧ પેશકદમી કરી મંદીર જવાના રસ્તામા ગંદકી કરે છે. અને આ જગ્યામા કે રસ્તામા ગંદકી કે પેશકદમી ન કરે તે માટે લોકફાળો કરી દીવાલ તથા ડેલો મુકેલ છે માટે વાદીઓ ખરેખર તો પેશ કદમી કરતા હોય તેમને દાવો લાવવાનો કોઈ અધીકાર નથી. વાદી જે પ્રાથમીક શાળાની હકીકત લઈને આવેલ છે તે શારદાગ્રામ ટ્રસ્ટ મારફત ચાલતી હતી અને તે ખં ડેર સ્વરુપે છે અને તેનો કબ્જો શારદાગ્રામ ટ્રસ્ટ પાસે છે અને ગ્રામ પંચાયત શેરીયાજ નો કોઈ ઠરાવ પી.એચ.સી સબ સેન્ટર બનાવવા થયેલ નથી. ખરેખર વાદીઓ આ જગ્યામા કબ્જો કરવામ નીષ્ફળ જતા ખોટો દાવો કરેલ છે. વાદગ્રસ્ત જગ્યામા આ કામના ત્રણ વાદીઓ સીવાય ગામની કોઈ વ્યકિતને કોઈ રસ નથી, ખોટી રીતે પ્રતીનીધી સ્વરુપનો દાવો લઈ આવી ગે.કા. નો કબ્જો કરવાનો બદ ઈરાદો પાર પાડવા દાવો કરેલ છે. કબ્જો શારદાગ્રામ ટ્રસ્ટ પાસે હોય તેઓને આ કામે પ્રતીવાદી તરીકે જોડેલ નથી.

પ્રતીવાદી નં. ૩ થી ૬ ના વિ.વ.શ્રીએ વચગાળાના મનાઈ હુકમની અરજી સબંધે વિશેષમા રજુઆત કરતા જણાવેલ છે કે પ્રતીવાદી નં. ૩ થી ૬ ની માલીકી કબ્જા ભોગવટાના રહેણાક મકાનો વાદગ્રસ્ત જગ્યાની ઉતર બાજુ અડીને પુર્વ પશ્ચિમ રસ્તે ૧૫ થી ૨૦ ફુટ પહોળાઈએ આવેલ છે તે રસ્તો વાદી નં. ૧ દબાણ કરી બંધ કરવા પ્રયત્ન કરે છે. માટે પ્રતીવાદીઓને તેમના મકાને જવાનો એકમાત્ર રસ્તો વાદી બંધ કરી દે તેમ હોય અને વાદીને આ જગ્યામા કોઈ હક હીત ન હોય વાદીઓ પેરા–૨૪ મા જણાવેલ રસ્તામા અડચણ અવરોધ ન કરે તેવો મનાઈ હુકમ આપવા રજુઆત કરેલ છે તેમજ રસ્તામા નાખેલ કચરો , ધુળ પ્રતીવાદી નં. ૧,૨ તાત્કાલીક દુર કરી રસ્તો પુર્વવત કરી આપે તેવો વાદીઓ સામે દાવાના નીકાલ થતા સુધી વચગાળાનો મનાઈ હુકમ મંજુર કરવા રજુઆત કરેલ છે. કામચલાઉ મનાઈ હુકમ ની અરજી મંજુર કરવાના ત્રણેય પરીબળો પ્રતીવાદી નં. ૩ થી ૬ ની તરફેણમા હોય માર્ક ૨૩ /૧ થી ૨૩/૩ વાળા તથા માર્ક ૩૪/૧ થી ૩૪/૮ વાળા દસ્તાવેજોને ધ્યાને લઈ વચગાળાના મકાઈ હુકમની અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૨) વાદીએ હાલનો દાવો શેરીયાજ ગામનુ હીત ધરાવતી પ્રજાના પ્રતીનીધી સ્વરુપે સી.પી.સી. કલમ–૯૧(૧)(બી) દાખલ કરી પ્રતીવાદીઓ વિરુધ્ધ શેરીયાજ ગ્રામ પંચાયતે પી.એચ.સી. બસ સેન્ટર બનાવવા માટે ગ્રામ પંચાયતના તા.૨૪/૯/૨૦૧૪ ના કરેલ ઠરાવના મુદા નં. ૭ સબંધે થયેલ રોજકામ મુજબની જગ્યા પ્રતીવાદી નં. ૩ થી ૬ ના કબ્જામા હોય તે પુર્વવત ખુલ્લી કરી આપે તેવો આજ્ઞાકારી મનાઈ હુકમ તથા પ્રતીવાદી નં. ૩ થી ૬ વાદગ્રસ્ત જગ્યામા વિશેષ કોઈ બાંધકામ કરે , કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ મેળવવા દાખલ કરી હાલની અરજી સિવિલ પ્રોસીજર કોડના ઓર્ડર–૩૯, રૂલ ૧–૨ તથા કલમ ૧૫૧ હેઠળ દાવાના આખરી નિકાલ સુધી પ્રતીવાદી નં. ૩ થી ૬ વાદગ્રસ્ત જગ્યામા વિશેષ બાંધકામ કરે કરાવે નહી તેવો કામચલાઉ મનાઈ હુકમ મેળવવા સારૂ આંક–૫ થી અરજી કરેલ જે વાદીઓના વિ.વ.શ્રીએ દાવા સાથે નીર્ણય કરવા શેરો કરતા વાદીઓની આંક–૫ ની અરજી સદર શેરા મુજબ હાલના તબકકે ફેસલ કરેલ છે.

(૩) વાદી પક્ષે પ્રતીવાદી નં. ૩ થી ૬ નાએ આંક–૨૧ થી જે સામો દાવો કરેલ છે તે વિરુધ્ધ આંક–૨૮ થી કાઉન્ટર સોગંધનામુ રજુ કરેલ છે જે વંચાણે લીધુ. વાદી પક્ષે

પ્રતીવાદી નં.૩ થી ૬ની હાલની વચગાળાની મનાઈ હુકમની અરજી સામે આંક–૩૫ થી લેખીત દલીલો રજુ કરેલ છે જે વંચાણે લીધેલ. વાદી વ.શ્રીએ વિશેષમા રજુઆત કરતા જણાવેલ છે કે પ્રતીવાદી નં.૧ ,૨ દવારા પ્રતીવાદી નં. ૩,૬ ને સરકારી જગ્યા ખુલ્લી કરવા નોટીસ આપવામા આવેલ હોવા છતા જગ્યા ખુલ્લી કરેલ ન હોય પ્રતીવાદીઓને મનાઈ હુકમ મેળવવાનો કોઈ અધીકાર નથી. પ્રતીવાદી નં. ૩ થી ૬ નાએ જે સામો દાવો કરેલ છે તેની હકીકત વાદીના દાવાની હકીકતથી વિરુધ્ધની હોય સામો દાવો ચાલવા પાત્ર ન હોય જેથી પ્રતીવાદી નં. ૩ થી ૬ ની વચગાળાની અરજી પણ ટકવા પાત્ર નથી. પ્રતીવાદી નં. ૩ થી ૬ દવારા રસ્તાની દાદ માંગેલ છે જે કોર્ટ કમીશનરે કરેલ રોજકામ મુજબ સ્પષ્ટ રીતે ખુલ્લી જણાય છે માટે પણ પ્રતી નં. ૩ થી ૬ ની અરજી ટકવાપાત્ર ન હોય અરજી નામંજુર કરવા રજુઆત કેરલ છે.

(૪) પ્રતીવાદી નં.૧ તાલુકા પંચાયત માંગરોળ તથા ગ્રામ પંચાયત શેરીયાજ નો સંયુકત જવાબ આંક–૨૫ થી રજુ થયેલ છે. પ્રતીવાદી નં. ૧,૨ ના દાવા સામેના વાંધા જવાબ ધ્યાને લેતા વાદી નં.૧,૨ દવારા ગુજરાત પંચાયત એકટની કલમ ૨૭૦ હેઠળ નોટીસ આપેલ નથી દાવો ટકવાપાત્ર નથી. વાદીએ શેરીયાજ ગામની જુની સરકારી પ્રાથમીક શાળાની ચતુઃસીમા ખોટી દર્શાવેલ છે. ગ્રામ પંચાયત શેરીયાજ દવારા ૨૦૧૪ મા પી.એચ.સી સેન્ટર બનાવવા ઠરાવ થયેલો ત્યારબાદ વર્ષ ૨૦૧૮ મા સ્થળ પસંગદી તથા સ્થળ સ્થીતીનુ રોજકામ મુખ્ય જીલ્લા આરોગ્ય અધીકારી સાહેબ દવારા મંગાવતા પ્રતીવાદી નં. ૨ ના એ જીલ્લા પંચાયત જુનાગઢને ઠરાવ/ રોજકામ મોકલી આપેલ હોય પી.એચ.સી. સેન્ટરની કામગીરી નીમયોનુસાર ચાલુ છે. વાદગ્રસ્ત જગ્યની બાજુમા વાદી તથા પ્રતીવાદી નં. ૩ થી ૬ રહેતા હોવાની હકીકતો ખોટી છે. વાદીએ ગ્રામ પંચાયતના નીયંત્રણ હેઠળની જગ્યા પર ઉકરડા તથા બળતણ નાખી દબાણ કરેલ છે માટે વાદીને ગુજરાત પંચાયત અધીનીયમ ૧૯૯૩ ની કલમ–૧૦૫ મુજબ ભંગ કરેલ છે તેમજ પ્રતીવાદી નં. ૩ થી ૫ ના એ વાદગ્રસ્ત જગ્યાપર દીવાલ કરી દબાણ કરેલ છે જે બાબતે તા.૧૯/૫/૨૨ ના રોજ પ્રતીવાદી નં.૩ થી ૫ નાઓને નોટીસ આપેલ છે અને વાદગ્રસ્ત જગ્યા પર જાહેર નોટીસ ચોડી જણાવેલ છે કે સદર જગ્યા સામુહીક આરોગ્ય કેન્દ્ર બનાવવા ફાળવેલ હોય આ જગ્યામ કોઈ એ બાંધકામ કરવુ નહી, ઉકરડા , બળતણ નાખી દબાણ કરવુ નહી નહીતર કાયદેસરની કાર્યવાહી હાથ ધરી દબાણ દુર કરવામા આવશે તેવી નોટીસની પ્રસીધ્ધી કરેલ

છે. પ્રતીવાદી નં. ૨ દવારા આ કામના વાદીઓ તથા પ્રતીવાદીઓને લેખીત નોટીસ આપેલી જેનો પ્રતીવાદી નં. ૩ થી ૬ નાએ ખોટી વિગતો દર્શાવી જવાબો આપેલ હોય તેનો ઈનકાર કરેલ છે. વાદીનો દાવો તથ્ય વીનાનો હોય વાદીની વચગાળાની મનાઈ હુકમની અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે. (નોંધઃ– વાદીએ આંક–૫ વાળી અરજી દાવા સાથે નીર્ણય કરવા શેરો કરેલ છે ,પરંતુ પ્રતીવાદી નં. ૩ થી ૬ દવારા સામો દાવો કરી કામચલાઉ મનાઈ હુકમ વાદીઓ વિરુધ્ધ માંગેલ હોય પ્રતીવાદી નં. ૧ ,૨ નો દાવા જવાબ ધ્યાને લેવો જરુરી હોય જેથી ઉપરોકત ચર્ચા કરેલ છે.)

(૫) બન્ને પક્ષની રજુઆત , દસ્તાવેજો તેમજ અરજી તથા તે સબંધીત રજુ થયેલ બન્ને પક્ષની દલીલો , વાંધા જવાબ ધ્યાને લીધા. હાલની અરજી પ્રતીવાદી નં. ૩ થી ૬ નાએ જે સામો દાવો વાદીઓ વિરુધ્ધ દાખલ કરેલ છે તેના કામે વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટે કરેલ છે. જેથી સૌપ્રથમ વાદીએ જે દાવો કરેલ છે તેની હકીકત ધ્યાને લેવી જરુરી છે. આ કામના વાદી દવારા શેરીયાજ ગામના પ્રજાના હીતમા પ્રતીનીધી સ્વરુપે દાવો દાખલ કરી દાવા અરજીમા જણાવેલ ચતુઃસીમા વાળી જગ્યા જે શેરીયાજ ગામે આવેલ બંધ હાલત વાળી જુની પ્રાથમીક શાળા છે તે જગ્યાએ ગ્રામ પંચાયત શેરીયાજ દવારા તા.૨૪/૯/૨૦૧૪ ની બેઠકમા સરકારી દવાખાના માટે જગ્યા ફાળવવા ઠરાવ નં. ૭ ના મુદા નં. ૭ થી ઠરાવેલ છે તેમા આ કામના પ્રતીવાદી નં. ૩ થી ૬ નાએ દીવાલ, ગે.કા.બાંધકામ કરેલ છે તે અટકાવવા માટે દાદ માંગેલ છે. વાદીના સદર દાવા સામે પ્રતીવાદી નં. ૩ થી ૬ ના એ સામો દાવો દાખલ કરી હાલની અરજી થકી વચગાળાની મનાઈ હુકમની માંગણી આ કામા વાદીઓ વિરુધ્ધ કરેલ છે. આ તબકકે પ્રતીવાદી નં. ૧ તાલુકા પંચાયત માંગરોળ તથા પ્રતીવાદી નં.૨ ગ્રામ પંચાયત શેરીયાજ નાઓ દવારા વાદીના દાવાનો જે આંક–૨૫ થી દાવા જવાબ દાખલ કરેલ છે તે મુજબ આ કામના વાદી નં ૧ તથા પ્રતીવાદી નં. ૩ નાઓને ગુજરાત પંચાયત અધી. ૧૯૯૩ ની કલમ–૧૦૫ હેઠળ દબાણ દુર કરવાની નોટીસો આપેલાનુ માર્ક ૨૬/૮ તથા ૨૬/૯ વાળા દસ્તાવેજ ધ્યાને લેતા જણાઈ આવે છે. વધુમા પ્રતીવાદી નં. ૩ થી ૬ નાએ વાદીએ કરેલ દાવાના સામે આંક–૨૧ વાળો વળતો દાવો કરેલ છે . સી.પી.સી. ઓર્ડર–૮, રુલ–૬(એ) ની જોગવાઈ ધ્યાને લઈએ તો કોઈ પણ પ્રતીવાદી દાવાના કામે તેના પક્ષ નીવેદનના અધીકાર ઉપરાંત દાવાના કારણ સબંધે આવો દાવો દાખલ થયા બાદ કે પહેલા કોઈ અધીકાર કે દાવો કરી શકે છે. આમ, આ

કામે વાદીએ જે દાવો કરેલ છે કે તે સરકારી જગ્યામા પ્રતીવાદી નં. ૩ થી ૬ નાઓ ગે.કા કબ્જો કરતા હોવાનુ કારણ દર્શાવેલ છે જયારે પ્રતીવાદી નં. ૩ થી ૬ ની દાવા અરજી તથા હાલની વચગાળાના મનાઈ હુકમની અરજીની હકીકતો ધ્યાતે લઈએ તો દાવા અરજીના પેરા–૨૪ મા "અમો પ્રતીવાદી નં. ૩ થી ૬ ના રહેણાંક મકાનો સુધીનો આવેલ છે. તેની ચતુઃસીમા નીચે મુજબ આવેલ છે પુર્વે જાહેર રસ્તો આવેલ છે, પશ્ચિમે અમો પ્રતીવાદી નં. ૩ થી ૬ ના રહેણાંક મકાન આવેલ છે, ઉતરે જાહેર રસ્તો આગળ જાય છે , બાજુમા જીવા હરદાસ નુ મકાન તેમજ ડેરી આવેલ છે દક્ષીણે શારદાગ્રામ ટ્રસ્ટ સંચાલીત પ્રાથમીક સ્કુલ ખંડેર આવેલ છે આમ પાકા આર.સી.સી. રોડની ચતુઃસીમા દર્શાવેલ છે" આમ પ્રતીવાદી નં . ૩ થી ૬ પણ આ કામના વાદી રસ્તામા ગંદકી કરતા હોવાની જે હકીકતો જણાવી વચગાળાની મનાઈ હુકમની દાદ માંગે છે તે જાહેર રસ્તો છે કે ખાનગી તેની સ્પષ્ટતા કરતા નથી. પ્રતીવાદી નં. ૩ થી ૬ નાએ વળતો દાવો વાદીઓ વિરુધ્ધ કરેલ છે પરંતુ વચગાળાની મનાઈ હુકમની અરજીમા પેરા નં. ૪(બ) મા માંગેલ દાદ મુજબ પ્રતીવાદી નં. ૧ ,૨ તાત્કાલીક રસ્તો દુર કરી પુર્વવત સ્વચ્છ કરી આપે તેવા મનાઈ હુકમની વાદીઓ વિરુધ્ધ માંગ કરે છે. આમ વાદીની મનાઈ હુકમની અરજીમા જે પક્ષ નીવેદન છે તે તદન અસ્પષ્ટ છે. રસ્તો સ્વચ્છ કરાવવાની રજુઆત પ્રતીવાદી નં.૧,૨ વિરુધ્ધ કરેલ છે જયારે વચગાળાનો મનાઈ હુકમ પેરા–બ દાદ મુજબ વાદીઓ સામે ફરમાવવાની માંગણી કરેલ છે. જેથી પ્રતીવાદી નં. ૩ થી ૬ ની હાલની અરજીમા કોઈ તથ્ય હોવાનુ જણાતુ નથી. વધુમા હાલની અરજીના પેરા–૪(બ)અ મા વાદી વિરુધ્ધ રસ્તામા અડચણ અવરોધ ઉભો કરે નહી તેવી વચગાળાની દાદ માંગેલ છે પરંતુ આ રસ્તો પ્રતીવાદીઓની માલીકીનો ખાનગી રસ્તો છે કે કેમ તે બાબતની કોઈ સ્પષ્ટતા થતી નથી . વધુમા વાદી દવારા આ કામે કોર્ટ કમીશ્નર મારફતે સ્થળ સ્થીતીનુ જે રોજકામ કરાવેલ છે પરંતુ પ્રતીવાદીઓ દવારા આવુ કોઈ સ્થળ રોજકામ કરાવેલ નથી જેથી પ્રતીવાદીની અરજી મુજબના રસ્તામા કોઈ અડચણ, અંતરાય વાદી દવારા થયેલ છે કે કેમ તે રેકર્ડ પર આવતુ નથી. પ્રતીવાદી નં. ૩ થી ૬ નાએ માર્ક ૨૩/૧ થી ૨૩/૩ ના જે દસ્તાવેજો રજુ કરેલ છે તેના થી પ્રતીવાદી ના વચગાળાની મનાઈ હુકમની અરજીની હકીકતો વાળા રસ્તામા હરકત અંતરાય અવરોધ થયેલ હોય તેવુ પણ ફલીત થતુ નથી. વધુમા પ્રતીવાદી નં. ૩ થી ૬ નાએ માર્ક ૩૪/૧ થી ૩૪/૭ ના જે દસ્તાવેજો રજુ કરેલ છે તેનાથી પણ કામચલાઉ મનાઈ હુકમની અરજીની હકીકતોને સમર્થન મળતુ નથી. આ સંજોગોમા પ્રતીવાદી નં. ૩ થી ૬

પોતાનુ પ્રથમ દર્શનીય કેસ હોવાનુ પુરવાર કરી શકેલ ન હોય વખતો વખતના ચુકાદાઓ ધ્યાનમા રાખી જયારે પ્રથમ દર્શનીય કેસ પુરવાર થતો ન હોય તે સંજોગોમા સગવડ અગવડની સમતુલા તથા નાણામા ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાનના પરીબળોની ચર્ચા કરવાની રહેતી નથી. પ્રતીવાદી નં. ૩ થી ૬ પોતાની કામચલાઉ મનાઈ હુકમની અરજી મુજબની હકીકતો પ્રાથમીક દ્રષ્ટિએ પુરવાર કરવામા સદંતર નીષ્ફળ ગયેલ હોય ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરુ છુ.

**–:: હુ ક મ ::–**

(૧) પ્રતીવાદી નં. ૩ થી ૫ નાએ રજુ કરેલ આંક–૨૨ ની અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) આ અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

ઉપર મુજબનો હુકમ આજરોજ તા.૨૪ મી માહે સપ્ટેમ્બર, સને–૨૦૨૪ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ :– માંગરોળ.

તારીખઃ ૨૪–૯–૨૦૨૪.

(ચંગીઝ મસવર રાઠોડ)
મુખ્ય સિવિલ જજ,
માંગરોળ.
**JUDGE CODE NO.GJ-01238**